# વાયડામિત્ર

જાન્યુઆરી - ૨૦૨૬
વર્ષ : ૧૦૪ અંક : ૧
કિંમત રૂા. 30/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57



Painting by Bhavik Shah, Mumbai

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જાન્યુઆરી ૨૦૨૬, પ્રત-૧૦૫૦, વર્ષ-૧૦૪, અંક-૧

VAYVASET
Connecting mutual strengths

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી-૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા-જગતપુર રોડ,
અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)
ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

ભારતમાં: રૂ.૩૦/-વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/-(આજીવન), રૂ.૨૫૦૧/-(પેટ્રન), વિદેશમાં : રૂ. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.
ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી-અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## કેદ



સમણાઓને બે આંખો વચ્ચે કર્યા કેદ,
એ જ સમણા ને સાર્થક કરવા દોડી રહ્યો માનવી...
સમય ને ઘડિયાળમાં કર્યો કેદ,
એ જ ઘડીના ઈશારે નાચી રહ્યો માનવી...
દુલ્હને હાથમાં મહેંદીને કરી કેદ,
એ જ મહેંદીની મહેક ને જીવનભર નિભાવતી રહી...
આધુનિક શોધમાં વિજ્ઞાનને કર્યું કેદ,
હવે ધરતીકંપ - વાવાઝોડા સામે કાં મૌન છે માનવી...
બાળપણ ને ભણતરે, યુવાની ને કેરિયરે કર્યા કેદ,
પછી તન-મનના રોગ વહેલા આવે એમાં શું નવાઈ...
દવા એ રોગને કર્યા કેદ,
કુદરતના નવા વાયરસ સામે કાં લાચાર માનવી...
પંખી ને પિંજરામાં કર્યા કેદ,
એ જ પંખીને નીરખવા જતો ઉપવનમાં....
વૃક્ષોને કર્યા કેદ બાગ-બગીચામાં,
જંગલનો કર્યો નાશ વિકાસ અર્થે....
ડહાપણના દેખાડામાં મન ના આવેશ-ઇચ્છાઓ કર્યા કેદ,
પછી ચિંતા-ડિપ્રેશનની દવા લેવામાં શું શાણપણ...
ઉંમર સાથે ગંભીરતા ને કરી કેદ,
પછી મુક્ત મને હસવા જતો લાફટર કલબમાં....
ભવિષ્યની ચિંતા માટે પૈસા કર્યા કેદ,
એ જ પૈસો ન આપતો સાથ મૃત્યુ બાદ....
વિચારો એ શબ્દો ને કર્યા કેદ,
પછી કવિતા રચાય એમાં શું અજાયબી !!

**- ડૉ. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭**

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

## માવતર તારું ઋણ... સૌરભના સ્વરેથી



ઊગમતાં એ દિવસો દુઃખમાં, આથમતી એ સાંજ અંધારે,
નાની એ ઓરડીનું ચણતર, ઘડ્યું ઘડતર શ્રેષ્ઠ સંસ્કારે;
કોણ જાણે કેવી રીતે, ગણ્યું એમણે એમનું ગણતર ?
આંગળી ઝીલીને અમને, ભણાવ્યું અમારું ભણતર;
ભર તડકે તપીને, ઠંડીમાં ઠુંઠવાઈને, વરસાદે પલળીને,
ઊછેર્યા અમને ઉમળકાંથી, ખુદના આંસુ સુકવીને;
ઢબુપાઈની બચત હેતુ, ખુંદ્યા રાહ પગપાળા,
વિના સંકોચે સિધાવ્યા, અમને વાહન સઘળાં;
રાત-દિવસનો ભેદ ના ભાળ્યો, જોતર્યો અતૂટ સંઘર્ષ,
ના કોઈ અપેક્ષા ના ફરીયાદ, મળ્યું એ સ્વીકાર્યું સહર્ષ;
જન્મોજન્મ બંધાઉ તારે ખોળે, કરું પ્રાર્થના પરમાત્માને કરે એ પૂર્ણ,
કેમેય કરતાં નહીં થાય ચુકવણું, આખુંય આયખું જ મારું માવતર તારું ઋણ.

**- સી.એ. સૌરભ શાહ,**

**મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦**

## મળ્યું તે મોજે માણો !!



મળ્યું તે મોજે માણો રે મનવા,
ના મળ્યાના ખેદ શાં કરવા ?
આપણે, પામ્યાં, ઈશ્વર દીધું,
ધરવ રાખો તેનો, જ, બંધુ !...

મુખ મલકતું રાખી સદાય,
હો રંજ છતાં, હરખાય !...
સંસાર છે, જળ ઝાંઝવાંના,
શોક ના કર ટળવળવાના !!...

**– કમલ ક. શાહ**

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# શબ્દ



શબ્દ,
બાણ છે, જે લાગણીશીલ હૃદયને ઘાયલ કરી શકે,
શબ્દ ઔષધ છે જે વ્યગ્ર મન પર
શીતળ મલમ બની શકે,
શબ્દ સ્નેહ છે, શબ્દ ક્રોધ છે,
શબ્દ આગ છે, શબ્દ જ વર્ષા છે.
શબ્દ પ્રકાશ છે, શબ્દ જ્ઞાન છે,
શબ્દ જ ઉન્નતિ છે તો શબ્દ જ અધોગતિ.
શબ્દ સાંત્વના છે તો કટાક્ષ પણ,
શબ્દ ક્યારેક સંબંધને જોડે, તોડે મરોડે ને તિરાડ પણ પાડે.
શબ્દ સત્યને સંતાડે, તો ક્યારેક ઉજાગર પણ કરે.
આ શબ્દ તો છે જે રસ્તા પર ચાલતાં ડગમગતાં
જીવન રથને સ્થિર પણ કરે ને આંચકા પણ આપે....
**પ્રભુ,**
મારી જીહ્વા પર
સરળ, સાચા અને સ્નેહસભર
શબ્દો રમતા રહે
તેવા આશીર્વાદ આપ.

**- સુનીલ પી. શાહ, મહેસાણા**
**મો. ૯૯૭૯૯ ૨૮૮૯૯**

# શિયાળો આવી ગયો



પંખા, એ.સી. થવા માંડ્યા ટપોટપ બંધ
પવન શરૂ થયો ઠંડો ને બારીઓ થઈ બંધ,
ખબર પડવા લાગી કે આવી રહ્યો છે શિયાળો.
શરબત આઈસ્ક્રીમ કરવા માંડ્યા વિલાપ,
હાયરે હવે કોણ પૂછશે અમારો ભાવ,
પડ્યા રહેવું પડશે ફ્રિજમાં બે-ત્રણ મહિના,
ખબર પડવા લાગી કે શિયાળો આવી ગયો.
ગુલાબી ઠંડી આવીને સ્વેટર-મફલર લાવી,
શાલ, ગોદડાને પણ તાજી હવા ખાવા મળી,
ખબર પડવા લાગી કે શિયાળો આવી ગયો.
વહેલી સવારે ઊંઘ વધુ ગમવા લાગી,
ચા થયાની બૂમ પડે તો એ ખુલવાનું નામ ન દે આંખ,
ખબર પડવા લાગી કે શિયાળો આવી ગયો.
રાત આખી ભસ ભસ કરીને ઊંઘ બગાડે કૂતરાં,
બપોરે બાર વાગ્યા સુધી બેસાડી રાખે સૂરજદાદા તેમના તાપમા
ખબર પડવા લાગી કે હવે શિયાળો આવી રહ્યો છે ગેલમાં.

**- અશોક પરીખ, પાટણ**
**મો. ૯૯૭૯૨ ૯૮૭૬૧**

# પ્રભુ નયન - સાગર



સર્વાંગ સુંદર તન મહીં
નિરખું હું નયન સાગર
તેની કોઈ એક ગલીમાં
ભક્તિ રસ રસ–સભર ॥૧॥

હેલી હેલી હે લૈયો હેલૈયો
હૈયે હૈયે હિલોલે હિલોલે
અસ્તોધ્યે ઉદ્દકે ઉદ્દકે
દેખું હું નયન સાગર ॥૨॥

મુઝ મહીં દેખું તુજ મહીં દેખું
દેખ્યું દેખ્યું હું નયન સાગર
નિરખ્યું દેખ્યું મુજતુઝમાં
નયન સાગર – નયન સાગર ॥૩॥

છલકાયા ઊભરાયા મલકાયા
સાગર મહીં સાગર રમ્ય રમ્ય
હલેસે હલેસે સ્વયં સ્વયં
સરી પડ્યાં અશ્રુઓ નયન સાગર ॥૪॥

ગાવું ભજવું દેખ્યું મનભર
સાગર નયન સુંદર તનભર
મુઝ પદાર્પણ તુજ સમર્પણ
કરતાં કરતાં સૌંદર્ય સભર ॥૫॥

પ્રભુ પ્રણમીયે નયન સાગર
નયન રમ્ય તનાકાશમાં
દેખ્યું નિરખું તન મહીં
સર્વાંગ સુંદર નયન સાગર ॥૬॥

**કાવ્યાધાર** આયું : વાયુઃ બલં વાયુઃ ॥
વાયુઃ ધાતા શરીરિણામ્ ॥
વાયુઃ વિશ્વં ઇદં સર્વમ ॥
પ્રભુઃ વાયુઃ ચ કીર્તિતઃ ॥

**- ડૉ. હેમંતકુમાર વૈદ્ય,**
**વડોદરા**

## મા, તુજ પર જાઉં બલિહારી !
## (મા ધરતીને)



મા, તુજ પર જાઉં બલિહારી !
ભૂખતરસથી લેત ઉગારી.
દાળ, ભાતને શાક મઝાનું;
નિત નિત દે તું રોટી ન્યારી ! (૧)

કડકડતી ઠંડીમાં હરદમ;
ઓઢાડે તું રાતરજાઈ !
માથે તડકો હોય બપોરે !
મલમલ તું પહેરાવે, આઈ ! (૨)

બળબળતો વૈશાખ તપે ત્યાં;
જલ શીતલ વરસાવે, માઈ !
રોમેરોમે એમ રમે તું;
તનમનમાં બસ, તું જ સમાઈ ! (૩)

**- ઉપેન્દ્ર શેઠ (શંકુત)**

# પુષ્ટિમાર્ગ અને વ્રજભૂમિ



વ્રજભૂમિ એ પુષ્ટિમાર્ગનું પાંચમું તથા પૃથ્વી તત્વ છે. વ્રજભૂમિ અલૌકિક છે. વૈષ્ણવોને વૈકુંઠ કરતા વ્રજમા વસવાનું વધુ ગમે કારણકે વ્રજમાં પુષ્ટિમાર્ગના બાકીના ચારે તત્વોનો નિત્ય નિવાસ છે. શ્રીનાથજી વ્રજભૂમિમાં ગિરીરાજજી પરથી પ્રગટ થયા અને બધી લીલાઓ વ્રજમાં કરી. શ્રી વલ્લભની કર્મભૂમિ, પ્રેરણાભૂમિ અને વસવાટની ભૂમિ વ્રજપ્રદેશ છે. શ્રી ગિરીરાજજી અને શ્રીયમુનાજી પણ વ્રજભૂમિમાં છે.

પ.પૂ. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદય (કડી અમદાવાદ) કહે છે–વ્રજ એટલે શું ? જ્યાં કૃપા અને માધુર્ય પ્રગટ સ્વરૂપે હોય, પ્રેમની પ્રધાનતા હોય, પ્રભુથી દૂરી (અંતર) મટે, ગાય અને ગોપાળ પ્રભુ સાથે હોવાની અનુભૂતિ થાય, સંસારના દુ:ખોને ભૂલી જવાય, પ્રભુ કૃપા કરીને બોલાવે અને કૃપા દ્વારા સામર્થ્યવાન બનાવે તે વ્રજ. ચરણોમાં રેણુ, મુખમાં વેણુ અને આસપાસ ધેનુ (ગાય) હોય તે વ્રજ.

વ્રજ એ કોઈ ઐતિહાસિક સ્થળ નથી પરંતુ શ્રીકૃષ્ણની લીલાભૂમિ છે. આજે પણ વ્રજમાં પ્રભુની અખંડ નિત્ય લીલા ચાલી રહી છે. ઘટનાઓ ઘટી હોય તેને ઇતિહાસ–ભૂતકાળ કહેવાય. પણ, લીલાઓ સતત ચાલી રહી હોય તે વર્તમાન કહેવાય. ઇતિહાસ આધિભૌતિક છે. જ્યારે પ્રગટ લીલા આધિદૈવિક છે. વ્રજભૂમિ એટલે અવાય નહીં, પણ પ્રભુ બોલાવે ત્યારે જ જવાય. વ્રજ એ સાક્ષાત પરમાત્માએ ગોલોકમાંથી સીધા પૃથ્વી પર મૂકાવેલો ભૂમિનો ટુકડો છે. તે પૃથ્વીનો ભાગ નથી. આખી પૃથ્વી નાશ પામે છે પણ વ્રજ અખંડ રહે.

વ્રજભૂમિનું મહત્વ ભક્તકવિ દયારામે આ રીતે બતાવ્યું છે–વૈષ્ણવોને વૈકુંઠ કરતાં વ્રજ શા માટે વહાલું લાગે છે? કારણ કે વૈકુંઠમાં યમુનાજી નથી, ગિરીરાજજી નથી, નંદજીની ગાયો નથી, કાન્હાની બંસી નથી, સુંદર ઘટાઓ નથી, બંસીવટ નથી અને વૃંદાવનનો મહારાસ નથી.

વ્રજમાં વસવા માટે ભગવાન શિવને પણ સખીરૂપ બનવું પડ્યું. ઉધ્ધવજી

લતા, વૃક્ષ કે વેણી બનવા તૈયાર થયા. અહીંના કણેકણમાં શ્રીકૃષ્ણ રહેલા છે. વૈષ્ણવો જે સ્વરૂપાનંદ ઝંખે છે તે વ્રજમાં છે.

વ્રજમાં ચાર લીલાઓ નિત્ય છે-ગોચારણલીલા, દાનલીલા, માનલીલા અને રાસલીલા. વ્રજના ત્રણ નામ છે-સૂરસેન દેશ, મથુરામંડળ અને વ્રજ.

રસખાન કહે છે-માનુષ હો તો વહી રસખાની, બસૌ વ્રજ ગોકુલ ગાંવકે ગ્વારન. કોઈ પણ દેહ મળે તો વાંધો નથી પરંતુ તે વ્રજભૂમિમાં મળવો જોઈએ.

વ્રજભૂમિ એવી ભૂમિ છે જ્યાં ભાવ, તત્ત્વ અને તર્કની ત્રિવેણી સતત વહ્યાં કરે છે. વ્રજમાં વિરહનો આનંદ છે. વ્રજભૂમિ એટલે માણસની સ્વપ્નભૂમિ, હૃદયભૂમિ અને વ્રજકિશોરની લીલા ભૂમિ.

આજે એવા લોકો છે જેઓ કૃષ્ણને હાજરાહજૂર સ્વજનની માફક વાત વાતમાં ઉલ્લેખે છે. બે જણ વચ્ચે તકરાર થાય ત્યારે અક જણ બોલી ઉઠે-તોરી બાત ઠીક નહીં લગત હે ભૈયા, હમરે કિશનજી નારાજ હો જાયેંગે.

વ્રજભૂમિમાં ૧૨ વન, ૧૨ ઉપવન, ૧૨ વટ, ૫ પર્વત, ૧૧ શિલા, ૪ ઉખર, ૪ પોખર, ૪ સરોવર, ૧૧ ફળ, ૩૬૦ કુંડ, ૯ દેવીઓ, ૮ મહાદેવ, ૮ દાઉજી, ૭ ચરણચિહનો ઉપરાંત ૪ નિજધામ (વૃંદાવન, મથુરા, બરસાના અને નંદગામ) તેમ જ કુલ ૬૩ બેઠકજી વ્રજમાં આવેલા છે. જેમાં મહાપ્રભુજીની ૨૨ બેઠકો છે. (ચીરઘાટ અને કરહલાની બેઠકનો સમાવેશ ૮૪ બેઠકોમાં થતો નથી) તેમ જ ગુંસાઈજીની ૧૭ બેઠકો છે. વ્રજભૂમિની ૮૪ કોસની પરિક્રમા કરતાં આ બેઠકોના દર્શન થાય છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની મહાયાત્રા એટલે ૮૪ કોસની વ્રજયાત્રા. વ્રજભૂમિનો વિસ્તાર ૮૪ કોસનો છે (એક કોસ બરાબર ૩ માઈલ એટલે કુલ ૨૫૨ કિ.મી.નો વિસ્તાર છે.) વરાહપુરાણમાં જણાવ્યા પ્રમાણે મથુરા મંડળ માં વીસ યોજન વિસ્તારમાં ફેલાયેલું છે. (એક યોજન બરાબર ૪ કોસ) આમ ૮૦ કોસ થાય છે. તેમાં મથુરાની બર્હિગૃહી પરિક્રમાના ચાર કોષ મળીને ૮૪ કોસ થાય છે. ૮૪ કોસની યાત્રા કરવી એ પ્રત્યેક વૈષ્ણવનો સૌથી મોટો મનોરથ હોય છે.

ખરેખર, મથુરા વ્રજમાં આવતું નથી. વ્રજ એટલે તે વિસ્તાર જ્યાં શ્રીકૃષ્ણે બધી લીલાઓ કરી હતી અને પછી તેઓ મથુરા ગયા હતા. પરંતુ વ્રજમંડળમાં

મથુરાનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યાં યમુનાજી વિશ્રામ ઘાટે વૈષ્ણવો નિયમ લઈ પરિક્રમાની શરૂઆત કરે છે.

પ્રતિ વર્ષ વલ્લભકુળના કોઈ ગોસ્વામી દ્વારા વ્રજયાત્રાનું આયોજન કરવામાં આવે છે. વ્રજયાત્રા શા માટે કરવી જોઈએ ? શરીર અને ઈન્દ્રિયોને સુખની આદત પડી છે તે દૂર કરવા વ્રજ જવાનું છે. ભાદરવા માસમાં આ યાત્રા થાય છે. આ માસમાં બધા જ તીર્થો વ્રજમાં આવે છે. પરિક્રમા દરમ્યાન ગિરીરાજજી જમણા હાથે રહે તે રીતે વ્રજ પરિક્રમા કરવાની છે.

ભગવાન શ્રીકૃષ્ણે આસુર વ્યામોહ લીલા કરી ત્યારે વ્રજ નષ્ટ થઈ ગયું. પાંડવોએ સ્વર્ગારોહણ કરવાનું નક્કી કર્યું. યુધિષ્ઠિરે કૃષ્ણના પ્રપૌત્ર વ્રજનાભને વ્રજના રાજા બનાવ્યા પરંતુ વ્રજમાં કોઈ માણસ જ નથી. માત્ર વાનર જ છે. અહીં રાજ કેમ કરવું ? વ્રજનાભ શાંડીલ્ય મુનિને મળે છે. શાંડીલ્ય મુનિએ વ્રજનાભને કહ્યું–આ ભૂમિમાં કૃષ્ણ અને રાધા કણકણમાં છે. આ વ્રજ એ નિત્ય લીલા છે. ત્યારબાદ શાંડીલ્યમુનિના આદેશથી વ્રજનાભ હસ્તિનાપુરમાં ઉત્તરા તેમજ કૃષ્ણની રાણીઓને મળે છે અને તેમને સાથે રાખીને વ્રજમાં બધા જ સ્થળો પ્રગટ કરે છે. વ્રજનાભને કૃષ્ણની સાક્ષાત અનુભૂતિ થાય છે.

અહીં યમુનાજીએ વ્રજનાભને ઉધ્ધવજીને મળવા જણાવ્યું. ઉધ્ધવજી ગુલ્મલતાના સ્વરૂપે બિરાજતા હતા. વ્રજનાભે ઉત્સવનો માહોલ સર્જી, કીર્તન કરી, ઢોલ–નગારા, વાંજિત્રો વગાડ્યા. ઉધ્ધવજી પ્રગટ થયા અને એકમાસ સુધી કુસુમ સરોવર પર શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. વ્રજના કણેકણમાં કૃષ્ણ વસે છે તેનું દર્શન કરાવ્યું.

આ વ્રજયાત્રાનો ક્રમ ક્યારથી શરૂ થયો તે કહેવું મુશ્કેલ છે. છતાં ઉધ્ધવજીએ ગોપીજનો સાથે વ્રજયાત્રા કરી હતી ત્યારે તેમણે વ્રજનાભને સંપૂર્ણ વ્રજનું દર્શન કરાવ્યું. સહસ્ત્ર વર્ષો વીત્યા બાદ સંવતની સોળમી સદીમાં આપણા ગુરુ શ્રી વલ્લભે પૃથ્વી પરિક્રમા દરમ્યાન વ્રજભૂમિનું પરિભ્રમણ કર્યું અને ૧૨ વનોની યાત્રા કરી. સં. ૧૫૯૫માં શ્રી વલ્લભના પ્રથમ પુત્ર ગોપીનાથજીએ ૧૨ વનોની પરિક્રમા કરી હતી. ગુંસાઈજીએ ત્યાર બાદ સં. ૧૬૦૦ અને સં. ૧૬૨૪માં એમ બે વખત વ્રજયાત્રા કરી જેમાં ૨૪ વન–ઉપવનનો સમાવેશ થતો હતો.

ગુંસાઈજીના પુત્ર ગોકુલનાથજીએ એક લેખમાં વ્રજ પરિક્રમા કરવી જોઈએ તેમ જણાવેલ છે.

ઔરંગઝેબે મંદિરોનો નાશ કર્યા પછી પરિક્રમાનો ક્રમ તૂટ્યો પણ મોગલોની પડતી થયા પછી અને રાજપૂત – જાટ લોકો સત્તાધીશ થયા ત્યારે વ્રજયાત્રાનો પ્રારંભ થયો. ૯૨ વર્ષ સુધી વ્રજયાત્રા બંધ રહી.

સં. ૧૮૦૫માં મથુરાવાળા શ્રી પુરુષોત્તમલાલજી મહારાજે પરિક્રમા શરૂ કરી. શરૂઆતમાં પરિક્રમા પચાસ દિવસની હતી. ત્યારબાદ ગોપાલલાલજી મહારાજે ૧૯૭૪માં ફેરફાર કરી દિવસો ઘટાડ્યા અને ૨૫ જેટલા મુકામ નક્કી કર્યા. હાલ વ્રજયાત્રા ૩૦ થી ૩૨ દિવસની છે. પ્રતિવર્ષ કોઈ ગોસ્વામીની અધ્યક્ષતામાં પરિક્રમા યોજાય છે અને હજારો વૈષ્ણવો તેમાં જોડાય છે અને વ્રજયાત્રાનો આનંદ માણે છે. વૈષ્ણવજીવનની સાર્થકતા વ્રજયાત્રા દ્વારા જ થઈ શકે છે.

ભાદરવા સુદ ૧૨ ના દિવસથી મથુરામાં વિશ્રામ ઘાટ પર સ્નાન કરી યમુનાજીનું પૂજન કરી, નિયમો ગ્રહણ કરી, પરિક્રમા શરૂ થાય છે. મથુરાની અંર્તગૃહી પરિક્રમા સાથે વ્રજયાત્રાનો પ્રારંભ થાય છે. પરિક્રમાના સ્થળો સાત વિભાગમાં વિભાજીત છે.

(૧) મધુવનથી બહુલાવન જેમાં તાલવન, કુમુદવન અને શાંતન કુંડનો સમાવેશ થાય છે.

(૨) શ્રી ગીરીરાજજીનો પ્રદેશ જેમાં રાધાકુંડ, કુસુમ સરોવર, ગોવર્ધન, ચંદ્ર સરોવર, પૂંછરી, જતિપુરા અને ટોડનો ધનોનો સમાવેશ થાય છે.

(૩) ડીગ – કામવનનો પ્રદેશ જેમાં જતીપુરાથી ડીગ પરમંદરા, વિમલકુંડ, ચરણપહાડી.

(૪) નંદગામ બરસાનાનો પ્રદેશ જેમાં સુન્હેરાની કદમખંડી થઈ બરસાના, નંદગામ, સંકેતવન, દેહકુંડ, ઊંચો ગામ, પીરી પોખર, દેહકુંડ, દાનગઢ, સાંકડીખોર, પ્રેમસરોવર, કરહેલા, રીઠોરા, પાનસરોવર, કોકિલાવન, છોટીબડી બઠેનનો સમાવેશ થાય છે.

(૫) કોટવન શેરગઢ, ભાંડીરવનનો પ્રદેશ જેમાં કોટવનથી કોશી, શેરગઢ,

ચીરઘાટ, પયગામ, બચ્છવન, ભાંડીરવન, માટ ગામ અને જૈત ગામ.

(૬) વૃંદાવન ગોકુળનો પ્રદેશ – વૃંદાવન, લોહવન, દાઉજી, ગોકુળ, કાલિદહ, નિધિવન, સેવાકુંજ, બંસીવટ, માનસરોવર, ચિંતાહરણ ઘાટ, બ્રહ્માંડ ઘાટ, રાવલ, ગોપાલપુર, મહાવનમાં કૃષ્ણની બાળલીલાઓના સ્થાનોનો સમાવેશ થાય છે.

(૭) મથુરાપ્રદેશ – બર્હિગૃહી પરીક્રમા – યમુના કિનારે આવેલા ઘાટ, સપ્તર્ષિ અક્રુરજી બલિરાજાના મંદિરો, કંસવધસ્થાન, પતિત પાવન કુંડ, કેશવદેવનું મંદિર વગેરે.

પરિક્રમા પુરી થતાં શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધના પૂર્વાર્ધમાં વર્ણવેલી તમામ લીલાઓનો સ્વાનુભાવ થાય છે.

કેટલીક હકીક્તો યાદ રાખવા જેવી છે :

(૧) શ્રીકૃષ્ણ મથુરામાં જન્મ્યા ત્યાંથી વસુદેવે ગોકુળ લઈ જઈ માતા યશોદા પાસે મૂક્યા. આ ગોકુળ અત્યારનું જુનું ગોકુળ. જૂના ગોકુળનો પ્રદેશ મહાવન તરીકે ઓળખાય છે. શ્રીકૃષ્ણે પાંચ વર્ષની ઉંમર સુધીની લીલાઓ મહાવનમાં કરી હતી.

(૨) અસૂરોનો ઉપદ્રવ વધતા જૂના ગોકુળમાંથી નંદરાય વૃંદાવન ગયા. આ વૃંદાવન એટલે આદ્ય વૃંદાવન – ચંદ્રસરોવર પારાસોલીનો પ્રદેશ. અહીં વૃંદ (તુલસી)નું વન, ગોવર્ધન પર્વત અને યમુનાજી હતાં તેમ ભાગવતજીમાં ઉલ્લેખ છે.

(૩) ત્યારબાદ પણ નંદરાયજી સ્થિર ન રહી શક્યા અને નંદગામથી આગળ હાલ વસાઈ ગામ પાસે રહ્યા.

(૪) ત્યાં પણ તેઓ નિર્ભયતાથી રહી ન શક્યા. એટલે તેઓ બરસાનાના વૃષભાનુને મળ્યા. વૃષભાનુએ પોતાના રાજ્યમાં વસવાની વિનંતી કરી. કંસ શાપને કારણે વૃષભાનુના રાજ્યમા પ્રવેશ કરી શકતો ન હતો. કૃષ્ણ એ બાલ્યકાળની છેવટની લીલાઓ અહીં કરી હતી અને અક્રુરજી રથ લઈને મથુરા જવા માટે તેડવા આવ્યા તે આ જ પ્રદેશ છે.

(૫) હાલ જુના ગોકુળ પાસે નવું ગોકુળ વસ્યું છે. મહાપ્રભુજી, ગુંસાઈજી અને અન્ય ગોસ્વામી બાળકો અહીં બિરાજ્યાં. તેમની બેઠકો અહીં છે અને તેઓએ પોતાના સેવ્ય સ્વરૂપો અહીં પધરાવ્યા. વ્રજ પરિક્રમાનો છેલ્લો મુકામ અહીં થાય છે. મથુરા જઈ વ્રજયાત્રાની પૂર્ણાહૂતી થાય છે.

વ્રજયાત્રાનો ઇતિહાસ ઘણો રસિક અને અલૌકિક પ્રસંગોથી ભરપૂર છે. તેના માટે એક સ્વતંત્ર ગ્રંથ લખવો જોઈએ.

વ્રજ માટે કહેવાય છે –

**કોટી કલ્પ કાશી બસો, અયોધ્યા કલ્પ હજારા,**
**એક પલક વ્રજમે બસો, તો હોય જાય બેડો પાર.**

ભક્ત બોલી ઉઠે છે–**વ્રજ કિશોર મોહિ બિસરત નાહીં**

કૃષ્ણ પણ ક્યારેય વ્રજને ભૂલ્યા નથી અંતે તેઓ ઉધ્ધવજીને કહે છે– **ઉધો, મોહે વ્રજ બિસરત નાહીં.**

(ક્રમશઃ)

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**



# મોબાઈલ



આપણે જ્યારે નાના હતા ત્યારે ભણતા કે માણસ જાતને જીવવા માટેની મૂળભૂત જરૂરિયાતોમાં આવે છે રોટી, કપડા અને મકાન. પછી એમાં જોડાયો મોબાઈલ અને મુકેશભાઈના JIO ના આવ્યા બાદ એમાં જોડાયો ડેટા. મોબાઈલ અને ડેટા એ આજના માણસની મૂળભૂત જરૂરિયાત બની ગયું છે. તેના ઘણા દેખીતા ફાયદા તો છે જ, પણ ન દેખાતા નુકસાન અકલ્પનીય છે, આપણી સમજ શક્તિની બહાર છે, કે જે વાપરનારને પણ ખબર નથી પડતી.

મોબાઈલ આવવાથી આપણા ઘણા કામ ઘર બેઠા પૂરા થઈ જાય છે અને આપણો ઘણો બધો સમય બચી જાય છે, પરંતુ તેનાથી અનેક ઘણો સમય આ મોબાઈલ ખાઈ જાય છે.

થોડા દિવસો પહેલા જ, ઓસ્ટ્રેલિયામાં પંદર વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોને સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. જે એક ખૂબ જ સરાહનીય પગલું છે. આપણને બધાને મોબાઈલ ના ફાયદા અને ગેરફાયદા વિશે તો ખબર જ છે, એટલે અહીં એની વાત ન કરતા હું એક એવા સાચા પ્રસંગની વાત કરીશ કે જેના ઉપર ખરેખર વિચાર કરવા જેવો છે.

મારા કાર્યક્ષેત્રમાં ઘણા વર્કરો કામ કરે છે, જો કોઈ વર્કર રજા પર હોય તો તેની જગ્યાએ બદલી વર્કરને મોકલવામાં આવે છે. આ બદલી વર્કર રોજ કંપનીના ગેટ પર આવે અને જો રોજ કામ પર આવતો વર્કર ન આવ્યો હોય તો તેની જગ્યાએ તેને મોકલવામાં આવે. બદલી વર્કર જે એક અનસ્કીલ્ડ વર્કર હોય છે, જેને માત્ર સાફ-સફાઈનું કામ સોંપવામાં આવે છે. જ્યારે પણ કોઈ નવો બદલી વર્કર આવે છે ત્યારે હું એની સાથે થોડો પરિચય કેળવવાનો પ્રયત્ન કરું છું. મને મનમાં કાયમ એવો સવાલ થયાં કરે કે જુવાન થઈ ને આ લોકો આવું

કામ શા માટે કરતા હશે ? એક દિવસ મારા કાર્યક્ષેત્ર ઉપર એક આવો જ બદલી વર્કર આવ્યો. તે આગળ પણ મારા કાર્યક્ષેત્રમાં ઘણી વખત આવી ચૂક્યો હતો એટલે હું તેના કામને જાણતો હતો. તે ખૂબ જ પ્રામાણિક અને મહેનતુ હતો, એટલે મેં તેને બીજું કોઈ કામ કરે છે કે કેમ, તે જાણવાની ઇચ્છા સાથે તેની દિનચર્યા પૂછી.

મેં બદલી વર્કરને પૂછ્યું કે કામ પછી તમે શું કરો છો ? તેણે જવાબ આપ્યો કે હું તળાવે મિત્રો સાથે બેસું છું. મેં પૂછ્યું કે પછી તમે શું કરો છો ? તેણે જવાબ આપ્યો કે હું મારા પરિવાર સાથે જમી લઉં છું. મેં પૂછયું કે પછી તમે શું કરો છો ? બદલી વર્કરે જવાબ આપ્યો કે અમે સુઈ જઈએ છીએ. મેં પૂછ્યું કે તમે બીજું કંઈ કામ નથી કરતા ? બદલી વર્કરે જવાબ આપ્યો ના. મેં ફરીથી પૂછ્યું કે પછી તમે સવારે વહેલા ઉઠતા હશો ? તેણે જવાબ આપ્યો હા. મેં પૂછ્યું તો વહેલા ઊઠીને શું કરો છો ? તેણે જવાબ આપ્યો હું ભાથીજી મહારાજના મંદિર જાઉં છું અને પછી કામ કરવા માટે આવું છું.

એની દિનચર્યા સાંભળી મને ખૂબ જ આશ્ચર્ય થયું કે તે ટીવી નથી જોતો. મેં તેને પૂછ્યું કે તારા ઘરે ટીવી નથી ? તેણે જવાબ આપ્યો ના. પછી મેં તેને સવાલ કર્યો કે તને સીરીયલ કે પિક્ચર જોવાનું નથી ગમતું ? તેણે જવાબ આપ્યો ગમે છે ને સાહેબ, અમે મોબાઈલમાં જોઈએ છે.

પછી મેં કહ્યું કે અચ્છા તો તમે એક મોબાઈલ મૂકીને ઘરના બધા તેમાં જોતા હશો નહીં ? તેણે કહ્યું ના, અમારા ઘરમાં બધાની પાસે પોતાનો મોબાઈલ છે. મારા મમ્મી, પપ્પા, મારો નાનો ભાઈ બધા પાસે પોતાનો મોબાઈલ છે. મોબાઈલમાં જેને જે ગમતું હોય તે જુએ છે. મમ્મીને સીરીયલ બહુ ગમે છે, પપ્પાને અમિતાભ બચ્ચનના પિક્ચર જોવા બહુ ગમે, નાના ભાઈને ગેમ રમવી બહુ ગમે છે અને હું સની દેઓલનો ફેન છું એટલે હું એના પિક્ચર જોઉં છું. તેનોં જવાબ સાંભળીને હું તો સ્તબ્ધ થઈ ગયો. પણ હજુ મારા મનમાં સવાલ હતો કે તે ક્યાં સુધી જોતા હશે એટલે મેં પૂછ્યું કે ક્યારે જોવાનું બંધ કરો, મોબાઈલનો ડેટા

પૂરો થાય ત્યારે ? તેણે કહ્યું કે ના સાહેબ, મોબાઈલની બેટરી પૂરી થઈ જાય એટલે અમે સુઈ જઈએ.

એક રોજનું રોજ કમાઈ ને ખાનારો પરિવાર જો આમ જ પોતાની મૂડી મોબાઈલમાં વ્યર્થ ખર્ચી નાંખે તો એનું જીવન ધોરણ ક્યારે ઉપર આવશે ?

આ મોબાઈલ નામનું રમકડું આપણા સમાજના નાના થી માંડીને મોટાઓ સુધી શું અસર કરી રહ્યું છે તેની અસરો આપણે આપણી આસપાસ અને અવારનવાર સમાચારોમાં વાંચતા જ હોઈએ છીએ. મારાં મત મુજબ જેમ અત્યારે સમાજમાં આસ્તિક અને નાસ્તિક ડુંગળી લસણ ખાવા વાળા અને ડુંગળી લસણ નહીં ખાવા વાળા લોકો ના અલગ અલગ પંથ છે તેમ, ભવિષ્યમાં નવા બે પંથ ઉભા થશે, જેમાં એક હશે, અમે મોબાઈલ વાળા અને બીજો પંથ હશે અમે મોબાઈલ વગરના અથવા તો અમે સોશિયલ મીડિયા વાળા અને અમે સોશિયલ મીડિયા વગરના.

**- મેહુલ સંજયભાઈ મારફતિયા, વડોદરા**

**મો. ૯૭૨૫૦ ૦૬૧૯૩**

**અંક ન મળવા અંગે**

વાયડામિત્રની તમામ નકલો દર મહીનાની દસ તારીખે પી.એસ.ઓ ઓફિસ, અમદાવાદમાં આપવામાં આવે છે જેની પહોંચ અમે જ્ઞાતિના તમામ વોટસએપ ગ્રુપમા મોકલીએ છીએ. વાયડામિત્રના સભ્યોનું એડ્રેસ લીસ્ટ (પી.ડી.એફ ફાઈલ) પણ ગ્રુપમાં મોકલીએ છીએ. જ્ઞાતિજનો પોતાનું નામ તેમાં ચેક કરી શકે છે. ૨૫ તારીખ સુધી અંક ન મળે તો વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખને તેમનું નાામ તથા સરનામુ વોટસએપ કરી શકે છે. વ્યવસ્થાપક પાસે વધારાની નકલ હશે તો સાદી પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અને તેનો ફોટો પાડીને જે તે ગ્રાહકને મોકલવામાં આવશે.

# સમાજમાં અનેકવિધ સંપન્નતા



ભારતીય સંસ્કૃતિ માનવજીવનને માત્ર વ્યવસાય, કુશળતા અથવા આર્થિક ઉત્પાદન તરીકે નહીં, પરંતુ એક સર્વાંગી સાધના તરીકે જોવે છે. અહીં જીવનના લક્ષ્યોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–આ ચાર પુરુષાર્થોના સંતુલનમાં વિભાજિત કરવામાં આવ્યા છે. આ સંતુલિત જીવનદૃષ્ટિનું મૂળ આધારસ્તંભ છે બહુમુખી પ્રતિભા. ભારતીય સંસ્કૃતિમાં બહુમુખી પ્રતિભા કોઈ વૈકલ્પિક ગુણ નથી, પરંતુ સમાજના સાતત્ય, સર્જનાત્મકતા અને નૈતિક સ્થિરતાનું મૂળ તત્વ છે.

### બહુમુખી પ્રતિભાની સંકલ્પના : ભારતીય પરિપ્રેક્ષ્ય

બહુમુખી પ્રતિભા એટલે એવી માનવીય ક્ષમતા જેમાં જ્ઞાન, કર્મ અને ભાવ – ત્રણે સ્તરે પરિપક્વતા જોવા મળે. ભારતીય પરંપરામાં વિદ્યા અને વિવેક, વિચાર અને આચરણ, તત્વજ્ઞાન અને વ્યવહાર – આ બધું પરસ્પર વિરોધી નહીં પરંતુ પૂરક માનવામાં આવ્યું છે.

વેદિક ઋષિઓ, ઉપનિષદીય વિચારકો અને આચાર્યો માત્ર તત્વજ્ઞાની નહોતા; તેઓ વૈજ્ઞાનિક, કવિ સમાજનિર્માતા અને નૈતિક માર્ગદર્શક પણ હતા. આથી જ ભારતીય સંસ્કૃતિમાં "એક ક્ષેત્રનો નિષ્ણાત" કરતાં "સમગ્ર જીવનદૃષ્ટિ ધરાવતો વિદ્વાન" વધુ મહત્વનો માનવામાં આવ્યો.

### ઐતિહાસિક પરંપરા અને જ્ઞાનસમન્વય

નાલંદા અને તક્ષશિલા જેવી પ્રાચીન વિદ્યાપીઠોમાં શિક્ષણનું સ્વરૂપ એકાંગી નહોતું. વ્યાકરણ, ખગોળશાસ્ત્ર, ગણિત, આયુર્વેદ, તત્વજ્ઞાન, નૈતિક શિક્ષણ અને કલાઓ – આ બધું એક જ શૈક્ષણિક પરિસરમાં ભણાવવામાં આવતું.

આર્યભટ્ટ, વરાહમિહિર, પાણિનિ, ચરક અને સુશ્રુત જેવા વિદ્વાનોની પ્રતિભા એક જ શાખામાં સીમિત નહોતી. તેમની બહુમુખી પ્રતિભાએ ભારતીય જ્ઞાનપરંપરાને વૈશ્વિક સ્તરે માન્યતા અપાવી.

## કલા, સાહિત્ય અને આધ્યાત્મિકતાનો સંગમ

ભારતીય સંસ્કૃતિમાં કલા અને સાહિત્ય માત્ર સૌંદર્યલક્ષી પ્રવૃત્તિ નથી; તે જીવનમૂલ્યો અને સામાજિક ચેતનાનું વાહન છે.

કબીર, મીરાં, તુલસીદાસ, નરસિંહ મહેતા જેવા સંત–કવિઓ કવિ, તત્વજ્ઞાની અને સમાજસુધારક – ત્રણે હતા. તેમની રચનાઓમાં શબ્દ સાધના બને છે અને સાધના સમાજસેવા સાથે જોડાય છે. આ જ બહુમુખી પ્રતિભાનું સર્વોચ્ચ સ્વરૂપ છે.

## સમાજમાં બહુમુખી પ્રતિભાનું મહાત્મ્ય

બહુમુખી પ્રતિભા સમાજને એકાંગી દૃષ્ટિમાંથી બહાર લાવે છે.

તે સમસ્યાઓને માત્ર ટેકનિકલ નહીં, પરંતુ માનવીય અને નૈતિક દૃષ્ટિકોણથી ઉકેલવાની ક્ષમતા આપે છે. વિવિધ વિદ્યાઓ વચ્ચે સંવાદ સર્જી નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે.

સમાજમાં સહિષ્ણુતા, વ્યાપક માનવદૃષ્ટિ અને સંવેદનશીલતા વિકસાવે છે.

નેતૃત્વને દિશાદર્શક બનાવે છે – માત્ર સત્તાકેન્દ્રિત નહીં.

ભારતીય સંસ્કૃતિમાં વિદ્યા તે છે જે માનવીને વિનમ્ર બનાવે; અહંકારભર્યું નહીં. બહુમુખી પ્રતિભા આ વિનમ્રતાને બુદ્ધિ સાથે જોડે છે.

## કર્મયોગ અને સમાજસેવાનો વિચાર

ભગવદ્‌ગીતા કર્મયોગનો ઉપદેશ આપે છે – જ્યાં જ્ઞાન અને કર્મ અલગ નથી. બહુમુખી પ્રતિભા ધરાવતો માનવી વિચારને કાર્યમાં અને કાર્યને મૂલ્યમાં રૂપાંતરિત કરી શકે છે.

ભારતીય પરંપરામાં સમાજસેવા કોઈ અલગ પ્રવૃત્તિ નથી. તે જીવનપદ્ધતિ છે. બહુમુખી પ્રતિભા આ જીવનપદ્ધતિને વ્યવહારિક બનાવે છે.

## આધુનિક ભારતીય સમાજમાં બહુમુખી પ્રતિભાની અનિવાર્યતા

આજના વૈશ્વિકીકૃત યુગમાં ટેક્નોલૉજી, પર્યાવરણ, સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક ઓળખ – આ બધા વચ્ચે સંતુલન સાધવું અત્યંત જરૂરી બન્યું છે. માત્ર ટેક્નિકલ કુશળતા પૂરતી નથી; તેને નૈતિકતા, સંવેદના અને સાંસ્કૃતિક જ્ઞાન સાથે જોડવી જરૂરી છે.

બહુમુખી પ્રતિભા ધરાવતો માનવી પરંપરા અને આધુનિકતાને જોડતો સેતુ બની શકે છે. તે સમાજને માત્ર ગતિ નહીં પરંતુ દિશા આપે છે.

**નિષ્કર્ષ**

ભારતીય સંસ્કૃતિમાં બહુમુખી પ્રતિભા કોઈ વૈભવ નથી – તે સંસ્કૃતિના ટકાવ માટે અનિવાર્ય શરત છે. તે સમાજને સ્થિરતા, સર્જનાત્મકતા અને માનવીય મૂલ્યો આપે છે.

આવી પ્રતિભા ધરાવતી વ્યક્તિ માત્ર પોતાનું જીવન ઉજળું કરતી નથી, પરંતુ સમગ્ર સમાજના ભવિષ્યને પણ ઉજાસ આપે છે. તેથી ભારતીય સમાજે બહુમુખી પ્રતિભાને ઓળખવી, પ્રોત્સાહિત કરવી અને સંરક્ષિત કરવી – આજની સૌથી મહત્વપૂર્ણ સાંસ્કૃતિક જવાબદારી છે.

**- હરીશ શાહ, વડોદરા,**
**મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

મહાવદ ૫ તા. ૬-૨-૨૦૨૬ શુક્રવારના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ ખાતે યોજાનાર હવન અને ધજાજીના યજમાનનો લાભ લેવા માટે સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને આમંત્રણ છે. યજમાન માટેની ઉછામણી તા. ૨૫-૧-૨૦૨૬ના રોજ રવિવારે સવારે ૧૧-૩૦ વાગ્યે શ્રી વાયુદેવતાજી મંદિર, નારાયણનગર, અમદાવાદ ખાતે રાખેલ છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી છે.

**– મેહુલ સુધીરભાઈ શાહ**
**પ્રમુખ શ્રી અમદાવાદ દશાવાયડા વણિક જ્ઞાતિ**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

# રજા ચિઠ્ઠી પ્રકરણ



વાત સિત્તેરના દાયકાની છે જ્યારે અમે અમદાવાદની સુવિખ્યાત શાળા C.N. વિદ્યાવિહારમાં ભણતા હતા. શાળા જીવનના કેટલાંક અનુભવો કાયમ માટે યાદ રહી જતા હોય છે. જ્યારે હું નોકરીમાં જોડાયો અને એક પ્રોજેક્ટ માટે વિવિધ પાસાઓની ચર્ચા કરતી વખતે તકનીકી પાસા (technical aspect) ની વાત આવી ત્યારે હું વધારે સભાન થઈ ગયો અને મને શાળાના દિવસોના બે પ્રસંગ તાદ્દશ્ય થઈ ગયા.

શાળાનો સમય સવારે ૧૦-૪૫ થી સાંજે ૫-૪૫નો હતો. બપોરની મોટી રીસેસ ૨ વાગ્યાની આસપાસ રહેતી અને ઘરે વહેલા જવું હોય તો મોટી રીસેસમાં રજા ચિઠ્ઠીમાં અમારા vice principal શ્રી ઈશ્વરભાઈ પટેલની સહી કરાવીને જઈ શકાતું હતું.

ઈશ્વરભાઈ ગણિતના ખૂબ સારા શિક્ષક હતાં અને ઘણાં કડક સ્વભાવના હતાં. અમે વિદ્યાર્થીઓ તેમનાથી ખાસ ડરતાં. કોઈ વિદ્યાર્થી વધારે વખત સહી કરાવવા જાય તો તરત તેમના ધ્યાનમાં આવી જતું. તોફાન કરતાં પકડાયેલા વિદ્યાર્થીઓ તેમને બરાબર યાદ રહેતાં. એટલે અમે ખોટી રીતે તેમની સહી કરાવવા જવાનું ટાળતા.

અમે નવમાં ધોરણમાં હતા ત્યારે અમારા ક્લાસનો એક વિદ્યાર્થી કૈંક વધારે વખત જ વહેલો ઘેર જતો હતો. એની ઉંચાઈ ઘણી વધારે હતી એટલે અમે સહુ એને લંબુ કહીને બોલાવતા. અમે સહુ અંદર અંદર વાતો પણ કરતાં કે આ આટલી બધી વખત કેવી રીતે સાહેબની સહી કરાવી લે છે. સાહેબના ધ્યાનમાં ના આવે એવું બને નહીં.

અમારા એક મિત્રનું માનવું હતું કે એને સાહેબની સહીની નકલ કરતાં આવડી ગયું છે એટલે જાતે જ ચિઠ્ઠીમાં સહી કરીને જતો રહે છે. શાળાના

દરવાજા પર ચોકીદાર રહેતા હતાં જે ઉત્તર પ્રદેશના હતાં. જેમને અમે ભૈયાજી કહેતાં. તેઓ શાળાના વિશાળ કેમ્પસમાં રહેતા હતાં અને ખૂબ નિષ્ઠાવાન અને ચોકન્ના હતાં. તેમની નજર ચૂકવીને કે કોઈક રીતે છેતરીને જવું ખૂબ મુશ્કેલ હતું. તેઓ રજા ચિઠ્ઠી બરાબર ધ્યાનથી જોતાં. શાળાના દરવાજામાં દાખલ થતાં ડાબી બાજુ સાયકલ સ્ટેન્ડ હતું અને જમણી બાજુ વોલીબોલ રમવાની નેટ હતી જ્યાં અમે રીસેસમાં ઝડપથી નાસ્તો પતાવીને વોલીબોલ રમતાં, એક રીસેસમાં રમતાં રમતાં અમે જોયું કે કેટલાંક વિદ્યાર્થીઓ રજા ચિઠ્ઠી બતાવીને જઈ રહ્યાં હતાં તેમાં પેલો લંબુ પણ હતો. પણ આજે ભૈયાજીએ તેને બાજુમાં ઉભો રાખ્યો અને બીજા બધાને વારાફરથી ચિઠ્ઠીઓ જોઈને જવા દેતા હતા.

અમારામાંથી એક મિત્ર બોલ્યો કે હું કેતો'તો ને કે એ જાતે સહી કરે છે. આજે પકડાયો લાગે છે. એક મિત્રના પપ્પા બેંકમાં ઓફિસર હતાં એ બોલ્યો કે આજે સિગ્નેચર ડીફર થઈ લાગે છે, ચેક બાઉન્સ !

બધા નીકળી ગયા પછી ભૈયાજી તેનું બાવડું પકડીને ઓફીસ તરફ ચાલવા માંડ્યા. અમે પણ રમવાનું પડતું મુકીને તેમની સાથે જોડાયા. ભૈયાજીએ નારાજ થઈને અમને ધમકાવ્યા એટલે અમે થોડું અંતર રાખીને ચાલવા લાગ્યા. ઓફીસ પાસે પહોંચ્યા પછી અમારે બહાર ઉભા રહેવું પડ્યું. ભૈયાજી અને લંબુ અંદર ગયા. બહાર આવ્યા પછી લંબુનું મોઢું સાવ પડી ગયું હતું અને સ્ટાફરૂમ માંથી અમારા વર્ગ શિક્ષકને પણ ઈશ્વરભાઈની ઓફિસમાં બોલાવ્યા અને લંબુને એક અઠવાડિયા સુધી પ્રાર્થનામંદિરમાં રોજ પ્રાર્થના અને બીજા કાર્યક્રમો દરમિયાન સ્ટેજ પર ઉભા રહેવાની સજા થઈ અને તેના પેરેન્ટસને પણ બોલાવવામાં આવ્યા. અમારી શાળામાં વિદ્યાર્થીઓને મારવાની બિલકુલ મનાઈ હતી એટલે શિક્ષકો ગમે તેટલો ગુસ્સો આવે પણ હાથ ઉપાડી શકતા નહીં.

અમારા વર્ગ શિક્ષક યુવાન અને આનંદી સ્વભાવના હતા એટલે આખી વાત વર્ગમાં બધાને કહી જેનો ટૂંકસાર એ હતો કે અમારો એ હોનહાર મિત્ર પહેલાં પણ ત્રણ-ચાર વખત જાતે જ સહી કરીને વહેલો જવામાં સફળ થયો હતો એ પ્રમાણે આજે પણ કર્યું. પણ એના કમનસીબે આજે શ્રી ઈશ્વરભાઈ સાહેબને ટેબલ પર બ્લ્યુ પેન મળી નહી અને ચિઠ્ઠીમાં સહી કરાવવા વાળા આવવા માંડ્યા

હતાં એટલે ટેબલ પર પડેલી લાલ પેનથી સહી કરવા માંડી. અમારા લંબુએ આ ઘટનાથી વાકેફ નહી હોવાને કારણે બ્લ્યુ પેનથી સહી કરી અને ભૈયાજીને મજબુત શંકા પડી જેનું નિવારણ કરવા તે ઈશ્વરભાઈ સાહેબ પાસે આવ્યાં અને લંબુની પોલ ખુલી.

એક બીજા બનાવમાં હું ભોગ બન્યો હતો. ઉત્તરાયણને ચાર પાંચ દિવસની વાર હતી. ઘરે જઈને સાંજે પતંગ ચગાવવા સહુ બેબાકળા બની જતા પણ સમય ઓછો રહેતો એટલે બપોરની રીસેસમાં રજા ચિઠ્ઠીમાં સહી કરાવીને વહેલા ભાગવા મોટી સંખ્યામાં લોકો પ્રયત્ન કરતાં. પણ ઈશ્વરભાઈની ધાકને કારણે કાબુ જળવાતો હતો. પણ એક દિવસ કોઈ કારણસર ઈશ્વરભાઈ હાજર નહોતા અને એમની જગ્યાએ સહી કરવાની જવાબદારી બીજા ઉપ આચાર્ય એવા વોરા સાહેબની આવી. વોરા સાહેબ ભાષાના શિક્ષક અને નરમ સ્વભાવના અને થોડા દુનિયાદારીથી અજાણ એવું વ્યક્તિત્વ ધરાવતા હતા.

શાળામાં વાત ફેલાઈ કે આજે વોરા સાહેબ સહી કરવાના છે એટલે લોકો રજા ચિઠ્ઠી બનાવવા માંડ્યા. મારી સોસાયટીમાં રહેતો અને મારાથી એક વર્ષ આગળ દસમાં ધોરણમાં ભણતો મારો મિત્ર સફળતા પૂર્વક સહી કરાવી આવ્યો અને તેણે મને પણ ઉશ્કેર્યો. હું મારા ગભરુ સ્વભાવને કારણે મુંઝાતો હતો પણ તેણે મને ચિઠ્ઠી લખી આપી.

આ બાજુ પરિસ્થિતિ એવી થઈ હતી કે સહી કરાવવા વાળાની સંખ્યા રોજ કરતાં ઘણી વધી ગઈ એટલે વોરા સાહેબ મુંઝાયા અને તેમની વહારે શાળાના સીનીયર અને ઘણાં બાહોશ એવા પટાવાળા કાંતિભાઈને બોલાવ્યા. એ પણ આટલી મોટી સંખ્યા જોઈને ચોક્યાં અને સાહેબ જોડે સંતલસ કરીને ફરમાન બહાર પાડ્યું કે ચિઠ્ઠીમાં ખાલી "બહાર જવાનું હોવાથી" લખ્યું હશે તો નહી ચાલે. ક્યાં જવાનું છે અને શા માટે જવાનું છે એ લખેલું હોવું જોઈએ તો જ રજા મળશે. લોકોમાં થોડો કચવાટ થયો પણ એ કડક હાથે ડાબી દેવામાં આવ્યો. વોરા સાહેબ અને પટાવાળા કાન્તીભાઈ સહી માટે આવેલનું 'face reading' પણ કરવા માંડ્યા અને થોડી પણ શંકા જાય તો ધમકાવીને પાછો મોકલી દેતા.

આવી ગમખ્વાર સ્થિતિમાં મે ત્યાં પ્રવેશ કર્યો અને મારા ગાત્રો શીથીલ થવા માંડ્યા. મને ચિઠ્ઠી લખી આપનાર મિત્ર થોડે દુર ઉભો રહીને મને હિંમત આપી રહ્યો હતો. કાંતિભાઈએ મારી ચિઠ્ઠી જોઈ. મારા મિત્રના અક્ષર સરસ હતાં અને તેણે ક્યાં જવાનું છે અને કેમ જવાનું છે એ વિગતવાર લખ્યું હતું. એના પિતા જાણીતા લેખક હતાં અને એણે પણ કલ્પના શક્તિ ચલાવીને લખ્યું હતું. કાંતિભાઈએ ચિઠ્ઠી જોઈને સંતોષ વ્યક્ત કર્યો અને અંદર સાહેબ પાસે જવા દીધો. વોરા સાહેબ ઝીણી આંખોથી મારા ચહેરાનું નિરિક્ષણ કર્યું. મારો ચહેરો પહેલેથી જ બાઘો અને ગભરું એટલે તેમને એમાં કશું વાંધાજનક ના લાગ્યું અને ચિઠ્ઠી વાંચતાં વાંચતા પેન હાથમાં લીધી. એકાએક એમનો ચહેરો ગંભીર બન્યો. મારા મિત્રે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે "માનનીય સાહેબશ્રી, ચિ. ગૌરાંગને એના મામાના ઘરનું વાસ્તુ હોવાથી શાહપુર જવાનું છે તો મોટી રીસેસમાં રજા આપવા વિનંતી છે."

વોરા સાહેબની ઝીણી આંખો વધુ ઝીણી થઈ અને તેઓ મોટા અવાજે બોલ્યા "અત્યારે કમુરતા ચાલે છે, સામી ઉત્તરાણ છે ને આજે તો અમાસ છે. અમાસમાં વાસ્તુ કોણે રાખ્યું ?!" આટલું બોલતા બોલતા મારી સામે ગુસ્સા ભરી નજરે જોયું.

હું ગભરાટનો માર્યો ટેબલ પરથી ચિઠ્ઠી ઉપાડીને બહાર દોડી ગયો. મારા મિત્રને મારા મામા અમદાવાદ શાહપુર વિસ્તારમાં રહે છે એ ખબર હતી એટલે આ પ્રમાણે લખી દીધું હતું. પણ કહે છે ને કે અક્કરમીનો પડીયો કાંણો એમ હું પાછો પડ્યો પણ એ દિવસે ચિઠ્ઠી માટે બહુ ઘસારો હતો અને વોરા સાહેબનો સ્વભાવ કડક નહીં હોવાથી સજામાંથી બચી ગયો એટલો સંતોષ માન્યો.

પણ તમે જ કહો કે આ બે બનાવો પછી હું 'ટેકનીકલ આસ્પેક્ટ' માટે વધુ પડતો સભાન રહું એમાં મારો વાંક ખરો ?!

**- ગૌરાંગ શાહ**

**અમદાવાદ**

**મો. ૯૪૨૭૮ ૦૦૦૪૬**

# આત્મગુણોને હરનાર ચાર ચોરોથી બચીએ



ગુરુજી જીવનમાં સુખ-દુ:ખ અને કર્મોનું તત્વજ્ઞાન સમજાવતા હતાં. શિષ્યો એકચિત્તે ગ્રહણ કરી રહ્યા હતાં. પ્રવચન પછીના બીજા દિવસે વહેલી સવારે ગુરુને બહારગામ જવાનું થયું. એક શિષ્યને સાથે લીધો. શિષ્ય રસ્તામાં ગુરુજીને પૂછે છે કે, કાલે આપે આપના પ્રવચનમાં જણાવ્યું કે ભગવાન દયાળુ છે, તે કોઈને દુ:ખ આપતા નથી. ગુરુજી મને તો એવું લાગે છે કે નિર્ધન વધારે દુ:ખી છે, તેને વધારે દુ:ખ આવે છે અને જે સમૃદ્ધ છે, તેને દુ:ખ આવતું નથી.

વાતવાતમાં રસ્તામાં બીજું ગામ આવી ગયું. ગુરુ કહે, હું ભિક્ષામાં સીધું-સામાન લઈને આવું છું. એટલી વારમાં તું ચૂલો અને બળતણની વ્યવસ્થા કર. શિષ્ય ગામમાં પરિભ્રમણ કરે છે. કેટલીક નાની-નાની શેરીઓ વટાવે છે. કેટલાક મહોલ્લા વટાવીને ગામના છેવાડાની વસ્તી સુધી ફરે છે. ગામમાં ઘરો સાદા તથા નાના નાના છે. થોડાં ઘરો જર્જરિત અને તૂટેલાં છે. કેટલાક ઘરો સાફસુથરા અને વ્યવસ્થિત જાળવણીવાળાં દેખાય છે. ઘરની સાદગી પણ ઘણી આકર્ષક લાગે છે. આવાં ઘરો સુઘડ અને સ્વચ્છ દેખાય છે.

શિષ્યએ થોડાં વાંસના ટુકડાં, લાકડાના ટુકડાં અને ચૂલા માટે થોડી ઈંટો ભેગી કરી. ગુરુ પાસે આવ્યો. ગુરુ તો ત્યાં બેસીને ભજન ગાતાં હતાં.

તેમની પાસે કોઈ સીધું-સામાન ન હતાં. શિષ્યએ પૂછ્યું ગુરુજી, ભિક્ષામાં કાંઈ જ ન મળ્યું ? ગુરુએ જવાબ આપ્યો કે ના, હું, ભિક્ષા માટે ગયો જ નથી. થોડું આગળ ચાલ્યો ત્યાં એક સાધુ મળી ગયા. તેમણે કહ્યું કે નજીકમાં જ અમારી પેઢી છે. પ્રસાદ લઈને આગળ જજો. સાથે સત્સંગ પણ કરીશું. માટે હવે સામાનની જરૂર નથી. શિષ્યને પૂછ્યું કે તું શું લાવ્યો ? શિષ્યએ ચૂલા અને બળતણ માટે લાવેલી સામગ્રી બતાવી. ગુરુએ કહ્યું કે આ ક્યાંથી લાવ્યો, તે વિગતે બતાવ.

શિષ્ય કહે ગુરુજી, આ ગામનાં કેટલાંક ઘર સુંદર, સાફસુથરાં અને સુઘડ છે. વળી કેટલાંક ઘરો ગંદા, તૂટેલા અને જર્જરિત છે. તૂટેલાં ચાર ઘરની દિવાલમાંથી એક-એક ઈંટ કાઢી લીધી. ચાર-પાંચ ઘરનાં છાપરાંના બહારના ભાગમાંથી મેં વાંસના અને લાકડાના ટૂકડા કાઢી લીધા. આમ આવા ઘરોમાંથી

મને જરૂરી સામગ્રી મળી ગઈ.

ગુરુજીએ શિષ્યને પૂછ્યું, ભાઈ તેં નિર્ધનોનાં તૂટેલાં ઘરમાંથી સામગ્રી મેળવી, તો અન્ય ઘરોમાંથી કેમ કાંઈ ન મળ્યું ? શિષ્યએ જવાબ આપ્યો કે ગુરુજી, એ શક્ય ન હતું કારણ કે ઘરની સુંદરતા, સુઘડતા એટલી હતી કે તે આકર્ષક લાગતા હતાં. તેને વળી કાંઈ તૂટેલુ ન હોય ત્યાં નવેસરથી તોડવું પણ અઘરું હતું, જ્યારે જર્જરિત તૂટેલા ઘરોમાંથી સામગ્રી સરળતાથી મળી જાય.

ગુરુજીએ કહ્યું કે તે રસ્તામાં પ્રશ્ન પૂછ્યો હતો, તેનો જવાબ આ ઘટનામાંથી તને મળી જશે. શિષ્ય કહે કઈ રીતે ? ગુરુજીએ કહ્યું કે જે દુઃખી છે તેને કેમ વધારે દુઃખ આવે છે? જેના ઘર તૂટેલા છે તે સુરક્ષિત નથી. તેને ચોર-લૂંટારાનો વધારે ભય છે. જેનાં ઘર વ્યવસ્થિત છે, તે લોકો સુરક્ષિત છે, તે સુખેથી રહી શકે છે. એ જ રીતે જેનું આત્મઘર સુરક્ષિત છે, નિર્મળ છે, તેને કોઈ દુઃખ ન આપી શકે. પરંતુ જેના આત્મા પર વિષય-કષાયનાં આવરણો છે, તેમનાં પ્રસન્નતા આનંદ લૂંટાઈ જાય છે. વળી તેમને દુઃખ, દરિદ્રતા મળે છે.

આત્મરૂપી ઘરની દિવાલ પર લોભ આવે એટલે પરિગ્રહ વધે એટલે ચિંતા થાય કે મેં જે ભેગું કર્યું છે, તે કોઈ ચોરી જશે કે લૂંટી જશે. આમ ભયનું આક્રમણ થાય. ક્રોધ, અહંકાર, માયા, લોભ એ આત્મગુણોની ચોરી કરનાર ચાર ચોર છે અને તે આત્મઘરની દિવાલોને ગંદી અને કલુષિત કરે છે. જેનામાં ક્ષમાભાવ હશે, તેને ક્રોધ નહિ આવે. વિનમ્રતાનાં અભાવ (અહંકાર)ને દૂર રાખશે. જેથી સરળતાથી માયા દૂર ભાગે છે અને સંતોષ, દાનભાવના જેવા ગુણો વિકસિત થાય છે અને તેમના પર લોભ હાવી થતો નથી. આવા લોકો સુરક્ષિત અને પ્રસન્ન રહે છે.

જીવનમાં સંચિત કર્મના ઉદય વખતે સમતા રાખી સમ્યક્ પુરુષાર્થ કરવાનું આપણા હાથમાં છે. તેનું વિસ્મરણ ન થાય તો આપણું આત્મઘર પવિત્ર અને સુરક્ષિત ઘર હોય, તેમાંથી તને કંઈ પણ લેવાનું મન ન થયું તે સુરક્ષિત રહ્યું, તેવું જ પવિત્ર આત્મઘરનું છે.

શિષ્ય કહે ગુરુજી હવે મને સમજાયું કે આપણા દુઃખનું કારણ આપણે જ છીએ. તેમ દુઃખના ઉપાય પણ આપણા હાથમાં જ છે.

**- પ્રેરણાબેન પરીખ, મુંબઈ**
**મો. ૯૮૨૦૧ ૮૧૯૫૭**

સ્વ.કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સૌને જયશ્રીકૃષ્ણ હ. સુજલ પરિમલભાઈ પરીખ

# મિત્રતા



મિત્રતા એટલે દોરીનો એક છેડો જે આપણા જીવન સાથે જોડાયેલો છે. મિત્ર બનાવવા એ પણ એક કળા છે અને દરેક વ્યક્તિને આ કળા આવડવી જરૂરી છે. મિત્રતાથી વ્યક્તિત્વ વિકસિત થાય છે.

અમુક લોકો એવું સમજે કે મિત્રતા એટલે બીજાના પોતાના પરના વિશ્વાસ નો ફાયદો ઉઠાવી આપણું કામ કરાવવું પણ એને મિત્રતા નહીં પણ મિત્રતા ના નામે નાટક કર્યું કહેવાય. મિત્ર શોધતા તો કોઈને પણ આવડે પણ મિત્રતા બનાવી રાખવી એ જ સૌથી અઘરું છે. મિત્રતા એ પણ એક દોરી જ છે પણ દોરી હમેશા જોડાયેલી રહે એની કોઈ ખાતરી નથી હોતી. મિત્રતા ને જાળવી રાખવા માટે આપણે પોતાના વિચારો કરતાં બીજાને સમજવું વધારે જરૂરી છે. આજના જમાનામાં તો મિત્ર ના પણ વિભાગ પડી ગયા છે. દૂરના મિત્ર, નજીકના મિત્ર, શાળાના મિત્ર, સામાજિક વેબસાઈટ પરના મિત્ર અને એવા કેટલાય ભાગો. સાચો મિત્ર એ જ છે જે સંકટ સમયની સાંકળ બને છે અને દરેક બાધાને પાર કરવા માટે સાથ આપે છે. સૌથી સારો મિત્ર શોધવો એટલે કોરા ઘાસના ભુસામાંથી સોય શોધવી. આજના જમાનામાં તો ચોર પણ મિત્રના વેશમાં આવે છે ને આપણા વિશ્વાસનો ફાયદો ઉઠાવી આપણને લૂંટી કાઢે છે.

મિત્રતા નિભાવવી એ જીવનના સૌથી અઘરા કામોમાંથી એક છે. મિત્રતા એક ભાવના છે જે બે માણસો ને જોડે છે. મિત્ર ભલે કોઈ પણ હોય આપણે આપણી મિત્રતાની ફરજ નિભાવવી જ જોઈએ. મિત્ર એ છે જે પક્ષીની જેમ આપણને ઊંચાઈ સુધી પહોંચવા માટે પાંખો આપે છે અને વૃદ્ધ લોકોને ચાલવા માટેની લાકડી બની સહારો આપે છે. મિત્ર વગરનું જીવન એટલે રંગ વગરનું ચિત્ર જેનાથી જીવન ફિક્કું પડી જશે.

એક વાત યાદ રાખવા જેવી છે કે આપણે આપણા મિત્રને ગુમાવી દીધો તો કદી પાછો નહીં મેળવી શકીએ એટલે મિત્રતા નિભાવી જરૂરી છે.

**- પ્રિયાંશ પરીખ, ગોવા**

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# ચિરાયુ શાહ, જ્ઞાતિનું ગૌરવ





**Chirayu Shah**

Five years at Apple is a significant milestone. When you came here, you signed up to accomplish truly great things. Since then, you have brought passion, creativity, and tenacity—simply because that's what the pursuit of excellence requires. You have energized and inspired others through the standards you set for yourself. And you have made the kind of impact that changes people's lives. That is significant. Thank you—for all you have done and all you will do throughout your journey at Apple.

Tim Cook, CEO

આપણી જ્ઞાતિના અમદાવાદના શ્રી સુહાસભાઈ હરીન્દ્રભાઈ શાહના પુત્ર ચિરાયુએ અમેરિકામાં એપલ કંપનીમાં CEO ટોમ કૂક દ્વારા iphone 17 ના નિર્માણમાં ચીપ ડીઝાઈનર (Chip Designer) તરીકે પ્રશંસનીય કામગીરી બદલ સર્ટીફીકેટ ઓફ એક્સલન્સ મેળવ્યું છે.

ટોમ કૂક જણાવે છે આપ પાંચ વર્ષ પહેલા એપલ કંપનીમાં જોડાયા હતા. તમારી ધગશ, સર્જનાત્મકતા અને નિશ્ચયાત્મકતાને લીધે તમે આ કક્ષાએ પહોંચ્યા છો. અન્ય કર્મચારીઓ માટે તમે પ્રેરણારૂપ છો.

ચિરાયુએ અમદાવાદમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાંથી ૨૦૧૨ માં B.E.(Electronics & communication) કર્યું. ત્યારબાદ ૨૦૧૪માં સ્વીડનની પ્રખ્યાત ચાલ્મર્સ યુનિવર્સિટીમાંથી માસ્ટર ઓફ સાયન્સનો અભ્યાસ કર્યો. મલ્ટી નેશનલ કંપનીમાં અનુભવ મેળવીને તે ૨૦૧૭માં અમેરિકા આવ્યો. હાલ તે એપલ કંપનીમાં સીનીયર હાર્ડવેર એન્જિનીયર છે. iphone 17 ની ચીપની ડીઝાઈન બનાવવામાં ચાર વ્યક્તિઓની ટીમ હતી જેમાં તે એકમાત્ર ભારતીય છે.

ચિરાયુ હજુ વધુ ઝળઝળતી સફળતાઓ મેળવે અને કુટુંબ અને જ્ઞાતિનું નામ રોશન કરે તેવી શુભેચ્છા.

– તંત્રી

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી હરીશભાઈ શાહ, જ્ઞાતિનું ગૌરવ



ગુજરાત સરકાર દ્વારા સંચાલિત, ગુજરાત સાહિત્ય અકાદમી ખાતેના યાદગાર વક્તવ્ય અને બહુમાન બદલ શ્રી હરીશભાઈ શાહને ખૂબ ખૂબ અભિનંદન.

ગાંધીનગર સ્થિત ગુજરાત સાહિત્ય અકાદમીના ઝવેરચંદ મેઘાણી ભવનમાં, 'મનનો જમણવાર' શીર્ષક હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં પરમ આદરણીય શ્રી ભાગ્યેશ જહા સાહેબ દ્વારા આપનું જે વિશેષ બહુમાન કરવામાં આવ્યું, તે બદલ પણ આપને ખૂબ ખૂબ અભિનંદન !

સામાન્ય રીતે કવિતાની રજૂઆતોમાં ગઝલનું પ્રાધાન્ય વધુ જોવા મળતું હોય છે, પરંતુ આપે ચીલાચાલુ શૈલીથી અલગ જઈને, સતત ૫૦ મિનિટ સુધી ગુજરાતી ભાષાના નવ પ્રકારના લય અને આપની સર્જનયાત્રાની જે અનોખી પ્રસ્તુતિ કરી તે ખરેખર પ્રશંસનીય છે. મા સરસ્વતીના સાનિધ્યમાં ઉપસ્થિત ૭૫ થી વધુ સાહિત્ય રસિકો અને ખુદ શ્રી ભાગ્યેશ જહા સાહેબે આપની પ્રસ્તુતિને મન ભરીને માણી, તે આપની સાહિત્ય સાધનાની મોટી સિદ્ધિ છે. આપની કલમ અને વાણીનો પ્રભાવ સદાય આમ જ ગુંજતો રહે તેવી મા શારદાને પ્રાર્થના સાથે હાર્દિક શુભકામનાઓ.

– તંત્રી

ધીરેનભાઈ કાંતિલાલ પરીખ પરિવારના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

# શ્રી ડો. પિયુષભાઈ પરીખને અભિનંદન





તા. ૨૬-૧૨-૨૦૨૫ શુક્રવારે અમદાવાદમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા All India Medical Conferance IMA NATCON ૨૦૨૫ના આયોજનનો પ્રારંભ થયો. તેને અનુલક્ષીને ઈન્ડિયન મેડિકલ એસોસીએશન ગુજરાત એ 'Felicitation of Senior Doctors and Faculties' નું આયોજન કર્યું હતું.

આ કોન્ફરન્સમાં, શ્રી ઋષિકેશભાઈ પટેલ (કેબિનેટ મંત્રી, ગુજરાત), શ્રી મુકેશભાઈ પટેલ (ધારાસભ્ય-મહેસાણા), ડો. બાલાલિંગમ (આરોગ્ય મંત્રી, ઓરીસ્સા), ડૉ. અનિલભાઈ નાયક (રાષ્ટ્રીય પ્રમુખ, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન), ડૉ. અનિલભાઈ પટેલ (પ્રમુખ, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન ગુજરાત) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. આ વાતાવરણમાં ૫૦૦૦+ delegates ની ઉપસ્થિતિમાં, Award of Appreciation થી ડો. પિયુષભાઈ પરીખનું બહુમાન ડો. બાલાલિંગમ દ્વારા કરવામાં આવ્યું.

ડો. પિયુષભાઈ પરીખ એ આ બહુમાન ને શ્રી ઠાકોરજી અને ગુરુની કૃપા, પૂજ્ય પપ્પા-મમ્મી તથા પૂજ્ય કાકાના આશીર્વાદ અને સ્નેહીજનોની શુભેચ્છાઓનું જ ફળ ગણાવ્યુ હતુ.

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તેમને અભિનંદન પાઠવે છે અને તેમના સ્વસ્થ દીર્ઘાયુની કામના કરે છે.

- તંત્રી

સુહાસ હરિન્દ્રભાઈ શાહ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

## ડૉ. પ્રિયાંશી પરીખ, જ્ઞાતિનું ગૌરવ



આપણી જ્ઞાતિના અમદાવાદના (મૂળ પાટણ)ના ડૉ. જયેશભાઈ વિનોદચંદ્ર પરીખ અને ડૉ. શિલ્પાબેન પરીખની પુત્રી ડૉ. પ્રિયાંશી એ ડિસેમ્બર ૨૦૨૫માં માસ્ટર ઓફ ડેન્ટલ સર્જરી (MDS) ની પરીક્ષા ઉત્તીર્ણ કરી છે. તેણે આ પરીક્ષા ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત બોપલ ડેન્ટલ કૉલેજમાંથી પસાર કરી છે. આ પહેલા તેણે કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રીમાંથી B.D.S. ની પરીક્ષા ૨૦૨૦માં પાસ કરી હતી. હાલ તે ખાનગી પ્રેક્ટીસ કરે છે. પ્રિયાંશીનો નાનો ભાઈ ડો. ચિ. ધૈવત હાલમાં મુંબઈમાં M.S. કરી રહયો છે. એક જ કુટુંબના તમામ સભ્યો ડૉક્ટર હોય તેવી આ રેર ઘટના છે. પ્રિયાંશી હજુ વધુ ઝળઝળતી સફળતાઓ મેળવે તેવી શુભેચ્છાઓ.

– તંત્રી

## ચિ. નંદિની, જ્ઞાતિનું ગૌરવ




જ્ઞાતિના શ્રી બિપીનભાઈ શાહ (CA) ની પૌત્રી ચિ. નંદિની (નિધિ ઝવેરીની પુત્રી) ભગવાનની કૃપા, વડીલોના આશીર્વાદ અને કોચ અને પોતાની મહેનતથી, આંતરરાજ્ય BCCI અંડર ૧૯ ટુર્નામેન્ટમાં બરોડા ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ કરવામાં આવી. તેણીએ તિરુવનંતપુરમ (ત્રિવેન્દ્રમ) કેરળ ખાતે યોજાયેલી પાંચ મેચોમાંથી ૨ મેચ રમી. તેણીએ રાજસ્થાન સામેની પહેલી મેચમાં ૬ ઓવર બોલિંગ કરી, ૨૬ રન આપ્યા અને ૩ અગત્યની વિકેટ લીધી. તે મેચની તે શ્રેષ્ઠ બોલર બની. તેણીની બીજી મેચમાં તેણી સાથે ૫ ઓવરમાં ફક્ત ૨૧ રન આપી ઈકોનોમીની રીતે શ્રેષ્ઠ બોલિંગ કરી. જ્ઞાતિ તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન.

–તંત્રી

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

## ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. મંગુબેન પ્રાણલાલ પરીખ, સ્વ. લલીતાબેન મોહનલાલ પરીખ તથા સ્વ. મોહનલાલ અચરતલાલ પરીખના સ્મરણાર્થે તેમના તરફથી મળેલ કાયમી ફંડમાંથી ...

**મહાપ્રસાદ (અમદાવાદ)**

સંવત ૨૦૮૨ના મહા વદ ૫ ને શુક્રવાર, તા. ૦૬-૦૨-૨૦૨૬
શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬-૦૦ કલાકે
મહાપ્રસાદનો સમય : સાંજના ૭-૦૦ કલાકે
સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭, ટે. નં. ૨૬૬૩૦૫૭૧

હવનની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ભોજન-સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**- શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ**

ખાસ નોંધ : પરજ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો/દીકરીઓ પોતાના કુટુંબ સાથે આવી શકશે.

ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ

# શ્રી સમીરી વણિક સમાજ, અમદાવાદ






શ્રી સમીરી વણિક સમાજ અને ઉત્કર્ષ મંડળના ઉપક્રમે તા. ૧૪-૧૨-૨૦૫ને રવિવારના રોજ  સાંજે ૫-૦૦ વાગ્યાથી હોટેલ પ્લેટિનમ, પ્રહ્લાદનગર ખાતે યોજેલ હતો. આ કાર્યક્રમમાં આશરે ૧૪૦ જેટલા સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપેલ હતી.

આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં જ્ઞાતિના દીકરા-દીકરીઓએ પાસ કરેલ પરીક્ષા માટે પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ સુગમ-સંગીતનો પ્રોગ્રામ પ્રોફેશનલ કલાકારોએ રજૂ કરેલ હતો. ત્યારબાદ ડીનરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના આ કાર્યક્રમ માટે મૂળ પાટણ નિવાસી હાલમાં અમેરિકા સ્થિત શ્રીમતી મીનાબેન ઓઝાએ કાર્યક્રમનું અતિથિ વિશેષ પદ શોભાવ્યું હતું. આજના કાર્યક્રમની શરૂઆત સમાજના ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહે સમાજની પ્રવૃત્તિઓની સભ્યોને જાણ કરી હતી. ત્યારબાદ અતિથી વિશેષ મહેમાન શ્રીમતી મીનાબેન ઓઝાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું.

ત્યારબાદ સુગમ સંગીતનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો અને સભ્યોએ ખૂબ જ આનંદવિભોર બનીને સંગીતનો કાર્યક્રમ માણ્યો હતો. આ

સ્વ. દિનેશભાઈ બાલુભાઈ પરીખ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સુગમ સંગીતના કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન સમાજના સેક્રેટરીશ્રી દિગંતભાઈ એસ. પરીખ તરફથી કરવામાં આવ્યું હતું. આ આયોજન બદલ સમાજની કારોબારી સમિતિ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

આશરે દોઢ કલાકના સંગીતના સૂરો રેલાવ્યા બાદ થોડો વિરામ લેવામાં આવ્યો હતો. આ વિરામ દરમ્યાન શૈક્ષણિક ઈનામોની વહેંચણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૪ ના ઈનામો શ્રી શ્રેણીકભાઈ એન. પરીખ તરફથી તેમના સ્વ. પિતા શ્રી નવીનચંદ્ર પી. પરીખના સ્મરણાર્થે આપવામાં આવ્યા હતા. (પ્રત્યેક રૂ. ૩૦૦/-) ધોરણ ૫ થી ૭ના ઈનામો સમાજ તરફથી પ્રત્યેકને આપવામાં આવ્યા હતા. તથા ધોરણ ૮ થી (ધોરણ ૧૧ સિવાય) સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ દરેકને ઈનામો સ્વ. દેવીબેન ગોકળદાસ પરીખની પુણ્યસ્મૃતિમાં તેમના દીકરી શ્રીમતી ઉષાબેન સનતભાઈ પરીખ તરફથી મળેલ દાનના વ્યાજની રકમમાંથી આપવામાં આવ્યા હતા.

આજના આ કાર્યક્રમ દરમ્યાન અતિથિવિશેષ મહેમાન શ્રીમતી મીનાબેન ઓઝા તરફથી રૂ. ૭૨,૦૦૦/-નું ડોનેશન જાહેર કરવામાં આવ્યું હતું. તથા સમસ્ત વાયડા વણિક જ્ઞાતિના પ્રમુખશ્રી ધીરેનભાઈ કે. પરીખ તરફથી રૂ. ૨૧,૦૦૦/- નું ડોનેશન જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ દરમ્યાન સમાજને કુલ આશરે એક લાખ રૂપિયા ઉપરાંતનું ડોનેશન મળેલ હતું. સૌ દાતાશ્રીઓનો અંતઃકરણ પૂર્વક આભાર.

ત્યારબાદ ડીનરને ન્યાય આપીને સૌ સભ્યોની લાગણીને માન આપીને ડીનર બાદ પણ સંગીતના કલાકારો દ્વારા ગીતો અને ત્યારબાદ સૌ સભ્યોને ગરબાની રમઝટનો આનંદ લેવડાવ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડો. શ્રી રાકેશભાઈ પરીખે કર્યું હતું. આશરે રાત્રે દશ વાગ્યા આસપાસ સૌ સભ્યો એકબીજાને જયશ્રીકૃષ્ણ કહીને છૂટા પડ્યા હતા.

**શ્રી શરદભાઈ પરીખ**
પ્રમુખ

**શ્રી દિગંતભાઈ એસ. પરીખ**
સેક્રેટરી

# શબ્દવ્યૂહ ૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | ■ |
| ૭ | | | | ■ | ૮ | | ■ | ૯ |
| ■ | | ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | |
| | ■ | ૧૬ | ■ | ■ | ૧૭ | | | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | ■ | | ■ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | ■ |
| | ■ | ૨૫ | | | ૨૬ | ■ | ૨૭ | ૨૮ |
| ■ | ૨૯ | | | | | | ■ | |

**આડી ચાવી** :(૧) ચર્ચા; વાતની ઉહાપોહ–૪ (૫) સંભાળ; જાપતો; ચોકી–૩ (૭) રડારોળ–૪ (૮) લીન; આસક્ત–૨ (૧૦) થપ્પડ; લપડાક–૩ (૧૨) પરમેશ્વર; પરવરદિગાર–૨; (૧૩) રસ્તો, પ્રતીક્ષા, રાહ–૨ (૧૪) સુંદર સ્ત્રી; લક્ષ્મી – ૨ (૧૫) શિંગડાવાળુ હરણ જેવું પ્રાણી–૩ (૧૭) આયુષ્ય; જિંદગાની–૪ (૧૮) વેરાન કે ઉજ્જડ પ્રદેશ–૩ (૨૧) આસક્તિ; કામદેવની પત્ની–૨ (૨૨) રગ; રસવાહિની–૨ (૨૩) સરિતા–૨ (૨૫) માળી–૪ (૨૭) લાભ; ફાયદો–૨ (૨૯) એકી નજરે; મીટ માંડીને–૬

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

**ઊભી ચાવી** : (૧) ગૌચર તરીકે અલાયદી રાખેલી પડતર જમીન–૨ (૨) કજિયો; કલેશ–૪(૩) પૈડું; કુંભારનું ચક્ર–૨ (૪) કમાણી; આવક–૪ (૫) પ્રતાપ; ચમત્કાર–૩ (૬) સ્નેહ; પ્રીતિ–૨ (૯) હોંશિયાર; કાબેલ; સાવધ–૫ (૧૧) મમ્મીના ભાઈ–૨ (૧૨) એક ઝાડના રસમાંથી બનતો પદાર્થ–૩ (૧૩) પૃથ્વીને વીંટળાયેલું વાયુનું આવરણ–૫ (૧૫) ખબરદાર; સાવચેત; જાગ્રત–૪ (૧૬) જમીનમાં ખોદાણ–૨ (૧૯) ઝડપ–૨ (૨૦) રહેઠાણ–૪ (૨૨) શહેર–૩ (૨૪) ગરીબ, રંક–૨ (૨૫) બગીચો–૨ (૨૬) પર્વત–૨ (૨૮) સેના; લશ્કર–૨

## શબ્દવ્યૂહ - ૧૫ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉ | | બં | દી | | ભૂ | મિ | | |
| ર | જ | | ન | ફો | | ત્ર | પા | |
| | ર | ત | | ક | વા | | ડ | ર |
| ધા | | ક | ર | | ચા | વી | | ઢ |
| ક | રા | | વો | ટ | | જ | રા | |
| | ગ | લ | | સ | મો | | ન | શો |
| ખ્યા | | હે | મ | | ક્ષ | ત | | ખ |
| લ | ક્ષ | | જા | દુ | | રુ | દ્ર | |
| | ચ | શ | | આ | શા | | વ્ય | ય |

**પરિણામ :**

**બધા ખરા :** (૧) પ્રેરણાબેન કે. પરીખ, મુંબઈ (૨) પ્રતિમા કે. શાહ વડોદરા (૩) નવીનચંદ્ર ડી. ગાંધી ભરૂચ (વડોદરા) (૪) ગીતાબેન પી. શાહ, અમદાવાદ (૫) અશોક એચ. શાહ, અમદાવાદ (૬) પ્રફુલ્લાબેન જે. શાહ, અમદાવાદ (૭) અશોકભાઈ આર. પરીખ, પાટણ

**૧ ભૂલ :** (૧) માધવી એન. પરીખ, અમદાવાદ (૨) દિપકભાઈ દલાલ મુંબઈ (૩) પરિમલ એમ. પરીખ, અમદાવાદ (૪) વર્ષાબેન એન. ચોકસી, અમદાવાદ (૫) હેતલ એ. પરીખ, અમદાવાદ (૬) સ્મૃતિ આર. શાહ, અમદાવાદ (૭) ઈલાબેન પી. શાહ, પાટણ

**૩ ભૂલ :** (૧) મધુરી કિનખાબવાલા, અમદાવાદ

**૪ ભૂલ :** (૧) રશ્મિબેન કે. શાહ અમદાવાદ

**૮ ભૂલ :** (૧) ભારતી ડી શાહ, મુંબઈ

**નોંધ :** આટલુ ધ્યાનમાં રાખશો કે ચાવીમાં આપેલ શબ્દ જવાબ તરીકે સ્વીકરવામાં આવશે નહી. જવાબો ૨૫ તારીખ સુધીમાં (મો.) ૯૭૨૬૦ ૪૦૨૬૨ પર મોકલી આપવા.

**– સુધીરભાઈ પી. શાહ**
મહેસાણા

શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

## વાયડ ટ્રાવેલ ફંડ (VTF)

ચૈત્ર સુદ ૪ તા. ૨૨–૩–૨૦૨૬ના રોજ વાયડ સંઘમાં જવા માટે 2 x 2 AC બસના રૂ. ૬૦૦/– નક્કી કરેલ છે જે જ્ઞાતિજન વાયડ સંઘમાં આવવાની ઇચ્છા ધરાવતા હોય તેમણે તા. ૧૫–૨–૨૦૨૬ થી ૧–૩–૨૦૨૬ સુધીમાં નામ નોંધાવવા વિનંતી છે.

**– નાનુભાઈ શાહ**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ,** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## જન્મ

નીચે દર્શાવેલા જ્ઞાતિજનોને ત્યાં બાળકનો જન્મ થયેલ છે. શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તેમને અભિનંદન પાઠવે છે. તેમના બાળકો ઉચ્ચ અભ્યાસ થકી સમાજ અને રાષ્ટ્ર-નિર્માણમાં પોતાનું યોગદાન આપી કુટુંબ અને જ્ઞાતિનું નામ રોશન કરે એવા શુભકામનાઓ.

**અમદાવાદ** : મૂળ પાટણના સ્વ. અરવિંદભાઈ કાળીદાસ પરીખ અને શિલાબહેન પરીખની પૌત્રી તથા નિશીથભાઈ અરવિંદભાઈ પરીખ અને માધવી પરીખની પુત્રી ચિ. સ્તુતિને ત્યાં પુત્ર જન્મ, તા. ૨૬/૧૧/૨૦૨૫ના રોજ. આ પ્રસંગે નિશીથભાઈ દ્વારા વાયડામિત્રને ૧૫૦૧/-ની ભેટ મળેલ છે.

**અમદાવાદ** : મૂળ દેત્રોજના અ.સૌ. હેમાલી અને શ્રી જતન જયપ્રકાશ શાહને ત્યાં પુત્રી આદ્યાનો જન્મ તા. ૫-૧૧-૨૦૨૫નાં રોજ. આ નિમિત્તે શ્રી જયપ્રકાશ કાંતિલાલ શાહ તરફથી વાયડામિત્રને રૂ. ૧૦૦૧ ભેટ મળેલ છે.

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

## પરીક્ષા પાસ (અભિનંદન)

નીચે દર્શાવેલા જ્ઞાતિનાં બાળકોએ અલગ-અલગ પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવ્યા છે. તે સૌને 'શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ' અભિનંદન પાઠવે છે. તેમનાં ઉજ્જવળ ભવિષ્યની કામના કરે છે.

**અમદાવાદ :** મૂળ પાટણના સ્વ. શ્રી વિનોદચંદ્ર શ્યામલાલ પરીખ તથા હંસાબેન વિનોદચંદ્ર પરીખની પૌત્રી અને ડૉ. જયેશભાઈ તથા ડૉ. શિલ્પાબેનની દીકરી કુ. ડૉ. પ્રિયાંશી જયેશભાઈ પરીખે તેની માસ્ટર્સની ડેન્ટલ સર્જરી (MDS) ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ છે.

## અવસાન

નીચે દર્શાવેલા જ્ઞાતિજનોનું દુ:ખદ અવસાન થયેલ છે. 'શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ' તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. શ્રીજીબાવા તેમના આત્માને પરમ શાંતી આપે તથા કુટુંબીજો ઉપર આવી પડેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

**ભૂજ :** મુંબઈ નિવાસી નીતિનભાઈ હસમુખલાલ મહેતા ઉ. વર્ષ ૮૨ તા. ૯-૧૨-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**અમદાવાદ :** શ્રી પ્રવીણભાઈ રમણલાલ શાહ તા. ૧૦-૧૨-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**કડી :** ઉર્મિલાબેન પ્રવિણચંદ્ર શાહ તા. ૧૪-૧૨-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**નલિયા :** મૂળજીભાઈ જેઠાલાલ શાહ, ઉ. વર્ષ ૮૮ તા. ૧૬-૧૨-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સ્મરણાંજલિ

***





**સ્વ. પ્રવીણભાઈ રમણલાલ શાહ**

**જન્મ : ૮-૯-૧૯૪૫ શ્રીજીચરણ : ૧૦-૧૨-૨૦૨૫**

આપનું અસ્તિત્ત્વ આજે અમારી સાથે નથી પરંતુ આપનું નિખાલસ વ્યક્તિત્વ, નિર્મળ જીવન અને પરગજુ સ્વભાવ હરહંમેશ અમારા સ્મૃતિ પટલ પર અંકાયેલા રહેશે. આ વસમો આઘાત જીરવવાની ઈશ્વર આપના પરિવારને શક્તિ આપે એવી પ્રાર્થના કરતાં અમે સૌ મિત્રો આપના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી આપને શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

દિનેશ-પન્ના મીનાક્ષી-ચંદ્રક
ઉમાકાંત-માયા ચંદ્રિલ - પલ્લવી
હરીશ-રક્ષા ચંદ્રેશ-દીના
નયન-શોભના

જય શ્રી કૃષ્ણ

## શ્રદ્ધાંજલિ

***



**સ્વ. પ્રવીણચંદ્ર રમણલાલ શાહ**

**જન્મ : ૮-૯-૧૯૪૫ શ્રીજીચરણ : ૧૦-૧૨-૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના
જીવાત્માને ચિર શાંતિ અર્પે
તેમ જ આવી પડેલ દુ:ખ સહન
કરવાની સૌને શક્તિ આપે
એ જ પ્રાર્થના.

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

Best Wishes From



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

JB
**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

JB
**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

JP
**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

JP
**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296 પ્રકાશન ૧૦/૧/૨૦૨૬



# ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

PRINTED BOOK January 2026

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh